CORE-303
Unit-4
શંકરાચાર્યનું જીવન, સમય અને કૃતિઓઃ કેરાલામાં આહ્વયે નામના નગરથી છ માઈલ દૂર, ચૂર્ણા (કે પૂછ્યું કે પેરિયારી) નદીને કિનારે કાલડી નામનું ગામ છે. તે ગામમાં નામ્બુદ્રી બ્રાહ્મણ શિવગુરુ રહેતા હતા. તેમના પત્નીનું નામ આર્યામ્બા. તેમને કોઈ સંતાન ન હતું

પુત્રપ્રાપ્તિની ઈચ્છાથી શિવગુરુ અને આર્યામ્બા. તિરુચુરમાં પ્રખ્યાત શિવમંદિરમાં

શિવની આરાધના કરવા રહ્યાં. શિવની કૃપાથી તેમને ત્યાં એક પુત્રનો જન્મ થયો

એ જ શંકરાચાર્ય. શંકરે ત્રણ વર્ષની ઉંમરે મલયાલમ ભાષા શીખી લીધી. લગભગ ચારેક વર્ષની ઉંમરે શંકરે પિતા ગુમાવ્યા. માતાએ શંકરને પાંચ વર્ષની ઉમરે યજ્ઞોપવીત સંસ્કાર આપ્યા. આઠ વર્ષની વયે તેમણે વેદાદિ શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કર્યો. શંકરના વિદ્યાર્થીકાળમાં બનેલો એક ચમત્કાર કેટલાક વર્ણવે છે. એક વાર શંકર એક બ્રાહ્મણને ત્યાં ભિક્ષા માગવા ગયા. બ્રાહ્મણસ્ત્રીની પાસે આંબળાના એક ફળ સિવાય ભિક્ષામાં આપી શકાય તેવું કાંઈ ન હતું. બ્રાહ્મણપત્નીએ ભક્તિભાવથી આપેલા આંબળાથી પ્રસન્ન થઈને, શંકરે તે બ્રાહ્મણપત્ની ઉપર કરુણા લાવીને કનકધારા સ્તોત્ર રચ્યું અને સુવર્ણના આંબળાની વૃષ્ટિ થઈ બીજા એક ચમત્કાર પ્રમાણે, શંકરે પોતાની માતા આર્યામ્બાના સ્નાનની અનુકૂળતા માટે ચૂર્ણા નદીનું વહેલ બદલી નાખ્યું હતું. વળી, એમ પણ કહેવાય છે કે શંકરને ઘેર આવેલા સંતો આતિથ્ય-સત્કારથી પ્રસન્ન થયા અને શંકરનું મૂળ આયુષ્ય આઠ જ વર્ષનું હતું તે બમણું થાય તેવા આશીર્વાદ તેમણે આપ્યા,

શંકરને બાળપણથી સંન્યાસ લેવાની ઈચ્છા હતી. માતા આર્યામ્બાના તે એકના એક પુત્ર હતા. માતા તો પુત્રને પરિણીત જોવા ઈચ્છતા હતાં. એક પ્રચલિત વાત પ્રમાણે, શંકર માતાની સાથે ચૂર્ણા નદીએ સ્નાન કરવા ગયા. ર નદીમાં સ્નાન કરતા શંકરનો પગ મગરે પકડ્યો. શંકરે માતાને બૂમ પાડીને કહ્યું કે જો તે સંન્યાસ લેવાની રજા આપે તો કદાચ મગર પગને છોડી દે. કટોકટીની પળે માતાએ સંન્યાસની અનુમતિ આપી. મગરે શંકરનો પગ છોડી દીધો. કેટલાકના મતે, કલ્પનામાં રાચતી, મનુષ્યની નાદાન જૂઠી મનોવૃત્તિ મગરના આ આ પ્રસંગને શોધી કાઢેલો છે. ભલે એક મહાન માતાના અત્યંત ઉદાત્ત હૃદયભાવથી હોય, પણ શંકરને સંન્યાસ લેવા માટે માતાની અનુમતિ મળી.

આઠ વર્ષની વયે શંકરે કાલડીથી ઉત્તર તરફ પ્રસ્થાન કર્યું. સેંકડો માઈલનું અંતર કાપીને નર્મદાકિનારે ગૌડપાદાચાર્યના શિષ્ય ગોવિન્દાચાર્યની પાસે તેઓ પહોંચ્યા. ગુફામાંથી ગોવિન્દાચાર્યે પૂછ્યું- “તું કોણ છે ? એના ઉત્તરમાં દસશ્લોકી સ્તોત્ર શંકરે ગાયું. ગુરુ પ્રસન્ન થયા. ગોવિન્દાચાર્યે શંકરને પરમહંસની દીક્ષા આપી અને અદ્વૈતનું જ્ઞાન આપ્યું. એક વાર નર્મદાના પૂરથી ગુરુના આશ્રમને શંકરાચાર્યે જલાકર્ષણ મંત્રથી બચાવ્યો હતો. (જુઓ ઃ માધવાચાર્યકૃત શ્રીશંકર દિગ્વિજય સર્ગ ૫-૧૩૮). ગુરુએ શંકરાચાર્યને કાશી જઈને ઉપનિષદ વગેરે ઉપર ભાષ્યો લખવાની પ્રેરણા આપી.

કાશીમાં સનંદન નામનો એક યુવાન શંકરાચાર્યનો શિષ્ય થયો. એક વાર ગંગાને સામે કિનારેથી ગુરુએ બૂમ પાડીને સનંદનને બોલાવ્યો. સાંભળતાં જ બ્રહ્મસૂત્ર ચતુઃસૂત્રી – ૧૮

સનંદન સામે કિનારે ગુરુ પાસે જવાં નદીમાં દોડ્યો. કહેવાય છે કે પાણીમાં પગલે પગલે તેને પદ્મોએ (=કમળોએ) ટેકો આપ્યો. ત્યારથી તે શિષ્ય પદ્મપાદ તરીકે જાણીતો થયો. (જુઓ : માધવાચાર્યકૃત શ્રીશંકરદિગ્વિજય સર્ગ –૭૧).

એક વાર કોઈક પ્રભાકર નામનો ગૃહસ્થ પોતાના મૂંગા પુત્રને વાચા મળે એ હેતુથી શંકરાચાર્ય પાસે લાવ્યો, "તું કોણ છે ?" એવા શંકરાચાર્યના પ્રશ્નના ઉત્તરમાં તે મૂક પુત્રે પોતાનો આત્મસ્વરૂપે પરિચય આપ્યો. તેનું જ્ઞાન, હાથમાં આમલક (આંબળું) સ્પષ્ટ દેખાય તેવું શુદ્ધ હતું તેથી તે શિષ્ય હસ્તામલક નામે પ્રસિદ્ધ થયો. તોટક નામના છંદમાં શંકરાચાર્યની સ્ત્રીત રચનાર, શંકરાચાર્યનો એક બીજો શિષ્ય તોટક (કે તોટકાચાર્ય) નામે પ્રસિદ્ધ થયો.

કાશીમાં ચાણ્ડાલનો એક પ્રસંગ બન્યો. શંકરાચાર્યે એક ચાણ્ડાલને રસ્તા પરથી ખસી જવા કહ્યું. ચાણ્ડાલે અદ્વૈતત્ત્વના પ્રતિપાદક, શંકરાચાર્યને પ્રશ્ન પૂછ્યો : "શરીર તો સર્વનાં સમાન છે. આત્મા તો એક જ છે. કોણ કોનાથી દૂર ખસે ?" પછી એ ચાણ્ડાલના સ્વરૂપમાં 'હેલા કાશીવિશ્વનાથે શંકરાચાર્ય ઉપર અનુગ્રહ કર્યો, અને બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્ય રચવા કહ્યું (માધવાચાર્યકૃત શ. દિ. સર્ગ ૨૫ થી ૬-૫૨).

બીજી એક વાત પ્રમાડો, કાશીમાં શંકરાચાર્ય શિષ્યોને પોતે રચેલું

બ્રહ્મસૂત્રભાષ્ય શીખવતા હતા ત્યારે વ્યાસ એક વૃદ્ધના સ્વરૂપમાં આવ્યા અને

શંકરાચાર્યને એક બ્રહ્મસૂત્ર (૩-૧-૧) સમજાવવા કહ્યું. બન્ને વચ્ચે લાંબો વિવાદ ચાલ્યો. અંતે વ્યાસ પ્રસન્ન થયા અને શંકરાચાર્ય ૧૬ ને બદલે ૩૨ વર્ષ જીવે તેવા આશીર્વાદ આપ્યા. (જુઓ : શં. દિ. સર્ગ ૭-૧ થી ૭-૫૫) કહેવાય છે કે કાશીમાં શંકરાચાર્યે એક વૃદ્ધને વ્યાકરણ સૂત્રો રટતા સાંભળ્યા. આચાર્યે તેમને ઉપદેશ આપ્યો કે વ્યાકરણસૂત્રો મનુષ્યને મૃત્યુમાંથી બચાવી શકતાં

નથી. તમે ગોવિંદને ભજો."" દિગ્વિજય યાત્રાએ નીકળતાં, શંકરાચાર્ય પ્રયાગમાં ગુરુદ્રોહના પ્રાયશ્ચિત્તરૂપે તુષાનલ (ફોતરીના અગ્નિ)થી જીવતા દેહને બાળતા, કુમારિલ ભટ્ટને ભળ્યા. તેઓ મોટા મીમાંસક હતા. બૌદ્ધ ગુરુ પાસેથી તેમના સિદ્ધાંતો શીખીને એ જ સિદ્ધાંતોનું પાછળથી કુમારિલે ખંડન કર્યું હતું એ કાર્યને તેણે ગુરુદ્રોહ ગણ્યો અને સ્વયં પ્રાયશ્ચિત કર્યું. કુમારિલ શંકરાચાર્યની સાથે ચર્ચા કરી શકે તેવી સ્થિતિમાં ન હતા. શંકરાચાર્યની ઈચ્છા હતી કે કુમારિલ વેદાન્તનો (જ્ઞાનનો) સિદ્ધાંત સ્વીકારે અને પોતે રચેલા બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય ઉપર વાર્તિક લખે. કુમારિલના સૂચનથી શંકરાચાર્ય મહાન મીમાંસક મંડનમિશ્રને મળવા માહિષ્મતી નગરીમાં પહોંચ્યા. કોઈક પાણિયારી બહેનને મંડનમિશ્રના ઘર વિષે પૃચ્છા કરી તે બહેને કહ્યું કે "વેદ સ્વતઃ પ્રમાણ છે કે પરતઃ પ્રમાણ છે- એવો વિવાદ, જે ઘરના આંગણામાં પિંજરમાં બેઠેલા પ્રસ્તાવના ૭ ૧૯

મેના-પોપટ કરતાં હોય તે ઘર પંડિત મંડનમિશ્રનું છે તેમ જાણી લો.

મંડનમિશ્રના ઘરમાં પિતૃશ્રાદ્ધની વિધિ થતી હતી. કર્મવાદી મંડનમિશ્રને જ્ઞાનવાદી શંકરાચાર્યનું આગમન રુચ્યું નહીં. એ પ્રસંગે ઉપસ્થિત વ્યાસે તેમને સમજાવ્યા. મંડનમિશ્રે શંકરાચાર્યને ભિક્ષા માટે નિમંત્રણ આપ્યું. શંકરાચાર્યે ભિક્ષામાં વાદ-વિવાદ કરવાનું માગ્યું. બન્ને વચ્ચે વાદવિવાદ શરૂ થયો. કર્મકાણ્ડમાં જ વેદનું તાત્પર્ય છે એમ મીમાંસક મંડનમિશ્ર માનતા હતા. બ્રહ્મની અનુભૂતિ અથવા બ્રહ્મજ્ઞાન એ જ વેદોનું અંતિમ લક્ષ્ય છે એમ જ્ઞાનવાદી શંકરાચાર્ય માનતા હતા. મંડનમિશ્રનાં પત્ની ભારતી મધ્યસ્થી બન્યાં. અંતે મંડનમિશ્રનો પરાજય થયો.

કેટલાક એવા પ્રસંગ નોંધે છે કે મંડનમિશ્રનાં પત્ની ભારતીએ કહ્યું કે જ્યાં સુધી શંકરાચાર્ય પોતાને ન હરાવે ત્યાં સુધી પોતાના પતિ મંડનમિશ્રનો સંપૂર્ણ પરાજય થયો ન ગણાય. પછી તેમણે શંકરાચાર્યને કામશાસ્ત્ર અંગે પ્રશ્નો પૂછ્યા. શંકરાચાર્યે એક માસની અવિધ માગી. પરકાયા પ્રવેશની વિદ્યા દ્વારા શંકરાચાર્ય અમરુ નામના એક રાજાના મૃતદેહમાં પ્રવેશ્યા અને કામશાસ્ત્ર જાણી લીધું. પછી તેમણે મંડનમિશ્રનાં પત્ની ભારતીને હરાવ્યાં. મંડનમિશ્ર શંકરાચાર્યના શિષ્ય થયા અને સુરેશ્વર નામ ધારણ કર્યું. શંકરાચાર્યને સુરેશ્વર દ્વારા બ્રહ્મસૂત્ર-ભાષ્ય ઉપર વાર્તિક લખાવવાની ઈચ્છા હતી. પરંતુ બીજા કેટલાક શિષ્યોનો વિરોધ થયો કે મૂલતઃ સુરેશ્વર મીમાંસક હોવાથી લખાણમાં ક્યાંક તેઓ કર્મવાદનો પક્ષ લે. સુરેશ્વરે શંકરાચાર્યના બૃહદારણ્યકભાષ્ય વગેરે ઉપર વાર્તિક લખ્યાં અને વાર્દિકકાર તરીકે પ્રસિદ્ધ થયા

માતાની અંતિમ સ્થિતિ વખતે શંકરાચાર્ય, પોતે આપેલા વચન પ્રમાણે કાલડી ગયા. માતાને સંતોષ થયો. બ્રહ્મજ્ઞાની પુત્રની સ્નેહપૂર્ણ ઉપસ્થિતિમાં માતાએ શાંતિથી દેહત્યાગ કર્યો. નામ્બુદ્રી બ્રાહ્મણોએ વિરોધ કર્યો કે સંન્યાસી માતાની ઉત્તરક્રિયા કરે એ સંન્યાસધર્મથી વિરુદ્ધ છે. કોઈએ માતાના શબને ઊંચકવામાં । ટકડા કર્યા અને ઘરના ઉદ્યોનમ સહકાર ન આપ્યો. શંકરાચાર્યે માતાના શબના ટૂકડા કેળનાં ઠૂંઠાં સળગાવીને અગ્નિદાહની વિધિ પૂરી કરી. નામ્બુદ્રી બ્રાહ્મણો ઉપર શાપ ઊતર્યો. લાંબા સમય સુધી આ બ્રાહ્મણો પર શબના ટૂકડા કરીને પોતાના ઉદ્યાનમ શબને અગ્નિદાહ આપતા. શંકરાચાર્યના ઉત્તરાધિકારીઓની પરંપરાના અર્વાચીન શંકરાચાર્યે તે શાપને હમણાં દૂર કર્યો.

શંકરાચાર્યનો દિગ્વિજય એ કાંઈ પાંડિત્યના અભિમાનને પોષવા માટે ન હતો. શંકરાચાર્યનું પ્રચાર-લક્ષ્ય તો એ હતું કે જેમ બ્રહ્મનું અદ્ભુત છે તેમ દર્શનોનું પણ અદ્વૈત સ્થાપી શકાય. અંગી એવા શરીરને પોતાનાં અંગો વિષે વિરોધ ન હોય.

શ્રીશૈલ મલ્લિકાર્જુનમાં કાપાલિકોનું વર્ચસ્વ હતું. વાદમાં પરાજિત ન કરી શકાય તેવા શંકરાચાર્યને મારી નાખવાનું કાપાલિકોએ કાવતરું ઘડ્યું. એક કાપાલિકે પોતાની સાધનામાં બિલ આપવા માટે શંકરાચાર્યનું સમાધિમાં હોય ત્યારે મસ્તક લઈ જવા સંમતિ આપી. આ વાતની શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદાચાર્યને ખબર પડી. તેમણે ભગવાન નૃસિંહની સાધના કરેલી હતી. મસ્તક માગ્યું, શંકરાચાર્યે પોતે તેમણે મસ્તક લેવા આવેલા કાપાલિકને સિંહનું સ્વરૂપ લઈને મારી નાખ્યો.

શંકરાચાર્ય કાશ્મીરમાં શારદાદેવીના મંદિરમાં અનેક પંડિતોને પરાજિત કરીને સર્વજ્ઞપીઠ ઉપર વિરાજમાન થયા. ત્યાં તેમણે સૌંદર્યલહરી' રચી અને શ્રીચક્રના રહસ્યમય સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા. કાશ્મીર, નેપાલ અને કન્યાકુમારી એ શ્રીચક્રના ત્રિકોણના ત્રણ ખૂણાઓ છે. કાશી એ ત્રિકોણનું મધ્યબિન્દુ મનાય છે.

સામાન્ય મત પ્રમાણે શંકરાચાર્યે ચાર દિશાઓમાં મુખ્ય ચાર મઠોની સ્થાપના કરી. ઉત્તરમાં બદ્રિકાશ્રમની પાસે જ્યોતિર્મઠ (કે જોષી મઠ), પશ્ચિમમાં દ્વારિકામાં શારદામઠ, દક્ષિણમાં મૈસુર રાજ્યમાં શૃંગેરીમઠ અને પૂર્વમાં જગન્નાથપુરીમાં ગોવર્ધનમઠ (જુઓ : શ્રી શંકરાચાર્ય બલદેવ ઉપાધ્યાય, અલ્લાહાબાદ ૧૯૫૦ પૃ. ૧૯૫). મહાદેવન્ પ્રમાણે કાંચીમાં કામકોટિ-પીઠ એ પાંચમો મઠ પણ શંકરાચાર્યે સ્થાપેલો છે. વળી, મહાદેવનુ અનુસાર દ્વારિકાની પીઠ શૃંગેરીની પીઠ તે શારદાપીઠ. બીજા એક મત મુજબ, મૂળ પીઠો ચાર જ હતી. ની પીઠ તે કાલિકાપીઠ; અને પાછળની કાંચીની કામકોટિ પીઠ પણ મૂળ પીઠ તરીકે મનાવા લાગી. કુંભકોણમ્ શંખેશ્વર, કરવીર એ શાખાએ, પાછળથી ઊભી થઈ. આ મઠોમાંથી પુરી, તીર્થ, ૧૧ આશ્રમ, વન, અરણ્ય, પર્વત, ગિરિ, સમુદ્ર, સરસ્વતી અને ભારતી- આ દશનામી સંન્યાસીઓના સંપ્રદાય શરૂ થયા.

શંકરાચાર્ય ૩૨ વર્ષની ઉંમરે, પોતાનું જીવન કાર્ય સમાપ્ત કરી બદ્રિકાશ્રમની પાસે હિમાલયની ગુફામાં અદૃશ્ય થઈ ગયા. બીજી પરંપરા પ્રમાણે તેમણે કાંચીમાં દેહત્યાગ કર્યો.
એક પ્રાચીન શ્લોકમાં કોઈકે કહ્યું છે કે શંકરાચાર્ય ભગવાન શંકરના અવતાર હતા. તેમણે બ્રહ્મસૂત્રભાષ્ય રચ્યુંબાદરાયણ વિષ્ણુના અવતાર હતા. તેમણે બ્રહ્મસૂત્રો રચ્યાં. તેમને બન્નેને વંદન કરું છું. વાચસ્પતિ મિશ્ર ભામતી ટીકાના 13 પ્રારંભે કહે છે કે અત્યંત શુદ્ધ જ્ઞાનવાળા અને કરુણાની ખાણરૂપ શંકરાચાર્યને નમસ્કાર કરીને, તેમણે રચેલા પ્રસન્ન (પ્રસાદગુણવાળા) અને ગંભીર બ્રહ્મસૂત્રભાષ્યને વિભક્ત કરવામાં આવે છે - સમજાવવામાં આવે છે. એક પ્રસિદ્ધ શ્લોકમાં કહ્યું છે કે આઠ વર્ષની ઉંમરે શંકરાચાર્યે ચારેય વેદો શીખી લીધા હતા; અને બાર વર્ષની વયે શાસ્ત્રો જાણી લીધાં. સોળમે વર્ષે તેમણે ભાષ્યો રચ્યાં અને બત્રીસમે ૧૫ ૨

વર્ષે મુનિ પૃથ્વી છોડીને જતા રહ્યાશંકરાચાર્યનો જીવનકાલ ઈ. સ. ૭૮૮ થી ૮૨૦ માનવામાં આવે છે. પરંપરા પ્રમાણે વૈશાખ શુકલ પંચમી શંકરાચાર્યનો જન્મદિવસ મનાય છે.

શંકરાચાર્યની કૃતિઓઃ શંકરાચાર્યના નામે ૪00 જેટલી કૃતિઓ ચડાવવામાં આવી છે. તેમાંથી બેલ્વાલ્કર ૨૪ કૃતિઓ શંકરાચાર્યની છે તેમ માને છે. ૧૧ ભાષ્યો, ૮ સ્તોત્રો અને ૫ પ્રકરણગ્રન્થો મળીને કુલ ૨૪ કૃતિઓ આચાર્યે રચી હતી. બ્રહ્મસૂત્રભાષ્ય, ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, તૈત્તિરીય, ઐતરેય, છાન્દોગ્ય અને બૃહદારણ્યક એમ ૯ ઉપનિષદો પરનાં ભાષ્યો; અને ભગવદ્દીતા ઉપરનું ભાષ્ય = એમ કુલ ૧૧ ભાષ્યગ્રન્થો છે. તેમનાં આઠ સ્તોત્રો આ પ્રમાણે છે. આનંદલહરી, ગોવિન્દાષ્ટક, દક્ષિણામૂર્તિસ્તોત્રદશશ્લોકી, દ્વાદશ-પંજરિકા (મોહમુગર)ભજગોવિન્દમ્પપદી (અથવા વિષ્ણુપદી) હરિમીડે, શંકરાચાર્યના ૫ પ્રકરણ ગ્રન્થો છેઃ અપરોક્ષાભૂતિ, આત્મબોધ, ઉપદેશસાહસ્ત્રી, પંચીકરણ અને શતશ્લોકી.